# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)
(Accredited with A+ Grade by NAAC)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

**"વિકસિત ભારત@૨૦૪૭" વોઈસ ઓફ યુથ અંતર્ગત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાના આયોજન બાબત.**

## ::પરિપત્ર::

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા **"વિકસિત ભારત@ 2047" વોઈસ ઓફ યુથ** અંતર્ગત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું વિચારણા હેઠળ છે. સદર સ્પર્ધામાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની તમામ સંલગ્ન કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. સદર સ્પર્ધાના વિષયો, નિયમો વગેરે આ સાથે પરિશિષ્ટ–૧ પર સામેલ છે, જે ધ્યાને લેવા અને તેમાં દર્શાવ્યા અનુસાર આપની કોલેજના એક પ્રતિનિધિને સદરહું સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવા આથી અનુરોધ કરવામાં આવે છે.

સદરહું સ્પર્ધામાં આપની કોલેજના જે પ્રતિનિધિની પસંદ કરવામાં આવે તેની વિગતો આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ મુજબનું અરજીફોર્મ સંપૂર્ણ વિગતો સાથે આચાર્યશ્રીના સહી-સિક્કા કરી નીચે આપેલ ગુગલ લિંકમાં ભરીને તારીખ ૧૧/૦૭/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાનું રહેશે. સદર સ્પર્ધા અંગેની વધુ વિગતો/માહિતી માટે ફોન નંબર: ૦૭૯-૨૩૨૬૭૬૩૨ તેમજ sports@gtu.edu.in પર સંપર્ક કરવાનો રહેશે.

**માહિતી મોકલવા માટેની ગુગલ લિંક:** https://forms.gle/rbwnzk7JeSs5fnSA6

ઉક્ત બાબતે સત્વરે કાર્યવાહી કરી અત્રે વિદ્યાર્થી પ્રતિનિધિના નામ અને માંગેલ માહિતી ગુગલ લિંકમાં મોકલી આપશો જેથી સૂચિત સ્પર્ધા સત્વરે યોજી શકાય.

પ્ર/મ/ઠ

**કુલસચિવ**

**જા.ક્ર.નં. : જી.ટી.યુ./કલ્ચરલ/૨૦૨૬-૨૭/** 5264 **તારીખ:** 06/07/**૨૦૨૬**

**પ્રતિ,**

નિયામકશ્રી/આચાર્યશ્રી, જી.ટી.યુ. સંલગ્ન તમામ સંસ્થાઓ

**નકલ સવિનય રવાના:**

(૧) માન. કુલપતિશ્રીના અંગત/રહસ્ય સચિવશ્રી, જી.ટી.યુ., અમદાવાદ
(૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, જી.ટી.યુ., અમદાવાદ
(૩) વિભાગીય વડા, IT, સદર પરિપત્ર યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ
(૪) પરિપત્ર ફાઈલ/સિલેક્ટ ફાઈલ

**પરિશિષ્ટ – ૧**

| | |
|---|---|
| **ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા "વિકસિત ભારત@ 2047" વોઈસ ઓફ યુથ અંતર્ગત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાના વિષયો અને નિયમો:** | |
| **વિષય** | |
| ૧ | *વર્તમાન શિક્ષણ પધ્ધતિ પણ અમને વિકસાવી શકે છે.* |
| ૨ | *ઈજનેરી વિદ્યાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીની સમાજ પ્રત્યેની જવાબદારી વિશેષ છે.* |
| ૩ | *જીવનના મહાન બનવું સારુ કે જગતના મહાન બનવું સારુ ?* |
| ૪ | *"આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ" માનવ જાત સામેનો સૌથી મોટો પડકાર છે?* |
| ૫ | *શિક્ષણ આપણને એક સારા, સાચા અને જવાબદાર માણસ બનાવે તો જ એ સાચું શિક્ષણ છે.* |
| ૬ | *ભરપૂર સ્નેહ વાણી માટે જગ્યા નથી રાખતો.* |
| ૭ | *વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કુદરતે ભારતને આપેલી એક ઉત્તમ ભેટ છે.* |
| ૮ | *શિક્ષણ મેળવવું એ એક તપ છે.* |
| **નિયમ** | |
| ૧ | આ સ્પર્ધામાં પાંચ રોકડ પારિતોષિક અપાશે. પ્રથમ વિજેતાને રૂ. ૫૦૦૦/-, દ્વિતિયને રૂ. ૩૦૦૦/-, તૃતીયને રૂ. ૨૦૦૦/- અને બે આશ્વાસન પારિતોષિક રૂ. ૧૦૦૦/- ના અપાશે. |
| ૨ | વક્તાએ કોઈપણ એક વિષય પસંદ કરીને તેની તરફેણમાં, તેની વિરુદ્ધમાં કે તેના તટસ્થ વિશ્લેષણમાં બોલવાનું રહેશે. |
| ૩ | આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધક ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં પોતાનું વક્તવ્ય આપી શકશે. |
| ૪ | દરેક સ્પર્ધકને બોલવા માટે ૬ મીનીટનો સમય ફાળવવામાં આવશે. ૫ મિનીટ બાદ વોર્નિંગ બેલ વગાડવામાં આવશે અને ૬ મીનીટ વક્તાએ પોતાનું વ્યક્તવ્ય સમાપ્ત કરવાનું રહેશે. |
| ૫ | દરેક કોલેજ પોતાના પ્રતિનિધિ તરીકે માત્ર એક જ વિદ્યાર્થીને મોકલી શકશે. |
| ૬ | સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધકે તેમની કોલેજના સ્થળથી સ્પર્ધાના સ્થળ સુધી આવવા-જવાનું ભાડું કોલેજ કક્ષાએથી જ ઉધારવાનું રહેશે. |
| ૭ | સ્પર્ધકોને એક દિવસની નાસ્તા-ભોજનની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે. |
| ૮ | આ સ્પર્ધામાં નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણવાનો રહેશે. |
| ૯ | આ સ્પર્ધા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાશે. |
| ૧૦ | આ સ્પર્ધાના આયોજનની જાણ સંસ્થાને કરવામાં આવશે. સ્પર્ધકને જાણ કરવાની જવાબદારી સંસ્થાની રહેશે. |
| ૧૧ | આ સ્પર્ધા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે સંયુક્ત રીતે યોજાશે અને પ્રસ્તુતિની ગુણવત્તાને આધારે નિર્ણાયકો દ્વારા વિજેતાઓ નક્કી કરવામાં આવશે. બહેનો માટે કોઈ અલગ કેટેગરી સ્પર્ધાના સંદર્ભે રહેશે નહિ. |
| ૧૨ | આ સ્પર્ધાનું અરજીફોર્મ પરિપત્રમાં દર્શાવેલ તારીખ સુધીમાં યુનિવર્સિટીને મળી જવું અનિવાર્ય છે. સમયમર્યાદા બાદ આવેલ અરજીફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવા વિનંતી. |
| ૧૩ | ઉક્ત તમામ નિયમોનું પાલન સંસ્થાએ અને સ્પર્ધકે ચુસ્ત રીતે કરવાનું રહેશે. |

**પરિશિષ્ટ – ૨**

**વકતૃત્વ સ્પર્ધા માટેનું અરજીફોર્મ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા "વિકસિત ભારત@ 2047" વોઈસ ઓફ યુથ અંતર્ગત આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધક પ્રતિનિધિની વિગતો:

| | | |
|---|---|---|
| ૧ | **કોલેજનું નામ અને કોલેજ કોડ** | |
| ૨ | **વિદ્યાર્થીનું નામ** | |
| ૩ | **એનરોલમેન્ટ નંબર** | |
| ૪ | **સેમેસ્ટર/વર્ષ** | |
| ૫ | **અભ્યાસનો વિષય** | |
| ૬ | **વિદ્યાર્થીનું સરનામું** | |
| ૭ | **મોબાઈલ નંબર** | |
| ૮ | **ઈ–મેઈલ એડ્રેસ** | |
| ૯ | **વકતૃત્વ સ્પર્ધાનો વિષય** | |

તારીખ:

સ્થળ:

આચાર્યશ્રીની સહી: _ _ _ _ _ _ _ _ _ _ _

આચાર્યશ્રીનું નામ: _ _ _ _ _ _ _ _ _ _ _

આચાર્યશ્રીનો સિક્કો: _ _ _ _ _ _ _ _ _ _